| | | |
|---|---|---|
| GJSK040004582021 | આંક– | |
| | કેસ દાખલ તા: | ૧૨/૦૨/૨૦૨૧ |
| | કેસ રજી.તા: | ૧૨/૦૨/૨૦૨૧ |
| | કેસ ફેસલ તા: | ૦૮/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**<u>–: નમુનો – અ :–</u>**

| |
|---|
| **ઈડરના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**<br>**ચુકાદાની તા.૦૮/૦૭/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૩૬૭/૨૦૨૧** |

| | |
|---|---|
| ગુનાની કલમ | ઇ.પી.કો.કલમ– ૩૫૪(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ–એ.ગુ.ર.નં.૧૧૦/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | ઇડર પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી પી.બી.દવે. |
| આરોપીઓ | (૧) અનીલભાઇ જયંતિભાઇ ભોઇ, ઉ.વ.૩૬<br>(૨) દિલીપભાઇ જયંતિભાઇ ભોઇ, ઉ.વ.૪૦,<br>(૩) જયંતિભાઇ કેશભાઇ ભોઇ, ઉ.વ.૭૦, આરોપી નં.૧ તથા ૩ રહે.ઇડર, ભોઇવાડા, તા.ઇડર, જી.સાબરકાંઠા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | પી.એ.ગુર્જર. |

**<u>–: નમુનો – બ :–</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૧/૦૧/૨૦૨૧ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૨/૦૨/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | ૦૨/૦૮/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | ફરીયાદ | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતા ની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનીલભાઇ જયંતિભાઇ ભોઇ | ૧૬/૧/૨૧ | ૧૬/૧/૨૧ | ઇ.પી.કો.કલમ – ૩૫૪(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | દિલીપભાઇ જયંતિભાઇ ભોઇ | ૧૬/૧/૨૧ | ૧૬/૧/૨૧ | | | | |
| ૩ | જયંતિભાઇ કેશભાઇ ભોઇ | ૧૬/૧/૨૧ | ૧૬/૧/૨૧ | | | | |

**:: નમુનો – ક ::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદપક્ષ**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ભોગબનનારની જુબાની | ૩૬ | ફરીયાદી |
| ૨. | રજીકાંતભાઇ તુલશીદાસ ભોઇની જુબાની | ૩૯ | સાહેદ |
| ૩. | કિરણભાઇ પુંજાભાઇ ભોઇની જુબાની. | ૪૪ | પંચ સાહેદ |
| ૪. | મનીષકુમાર ઇશ્વરભાઇ ભોઇની જુબાની. | ૪૫ | સાહેદ |
| ૫. | આરતીબેન નરેન્દ્રભાઇ ભોઇની જુબાની. | ૪૬ | સાહેદ |
| ૬. | શિલ્પાબેન વિજયકુમાર ભોઇની જુબાની. | ૪૭ | સાહેદ |
| ૭. | મનીષ મોઘજીભાઇ ચૌધરીની જુબાની. | ૫૭ | મેડીકલ ઓફીસર |

| | | | |
|---|---|---|---|
| ૮. | હિરણસિંહ જગતસિંહ રહેવરની જુબાની. | ૫૯ | ત.ક.અમલદાર |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના દસ્તાવેજની યાદી

**અ.ફરીયાદપક્ષ**

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૭ | ફરીયાદીએ તેઓના હસ્તાક્ષરમાં લખી આપેલ ગાળોવાળો કાગળ |
| ૨ | ૩૮ | અસલ ફરીયાદ |
| ૩ | ૪૪/એ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૫૮ | સારવાર સર્ટીફીકેટ |
| ૫ | ૬૦ | ડેપ્યુટ હુકમ |
| ૬ | ૬૬ થી ૬૭ | સારવાર સર્ટીફીકેટ |

## -: ચુ કા દો :-

**(૧)..** ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૯/૧૨/૨૦૨૦ ના કલાક ૧૯:૩૦ વાગ્યે મોજે ઇડર ભોઈવાડા વેરાઇમાતા મંદિર સામે પાણીના નળ પાસે આ કામના આરોપી નં.(૧) નાઓએ ફરીયાદીબેનને તુ મને ગમે છે મારે તારી સાથે પ્રેમ કરવો છે તુ મને કેમ બોલતી નથી તેમ કહી ફરીયાદીના છાતીના ભાગે અડપલા કરી ફરીયાદીએ ધકકો મારતા આરોપી નં.(૧) નો પડી જતા તેને ઈજા થતાં આરોપી નં.(૧) નું ઉપરાળું લઈ આરોપી નં.(૨) તથા (૩) નાઓ દોડી આવી ફરીયાદીને શરીર ગડદાપાટુનો માર મારી મા-બેન સામી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ. તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ઇડર પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ એજન્સીએ આરોપી ઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી શ્રીએ તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)..** આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી.કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક-૧૦ થી

તહોમતનામું ફરમાવી આંક–૧૧ થી ૧૩ સુધી આરોપીઓની પ્લીઓ નોંધવામાં આવતાં આરોપીઓએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)..** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિ.પ્રો. કો.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં તેઓ તદન નિર્દોષ વ્યકિત છે. તેઓ વિરુધ્ધ ખોટા પુરાવા રજુ કરેલ છે .ખોટુ ચાર્જશીટ કરેલ છે. ખોટી ફરીયાદ કરેલ છે. તેઓને નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

**(૪)..** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે તેઓની મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

**(૫)..** આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૯/૧૨/૨૦૨૦ ના કલાક ૧૯:૩૦ વાગ્યે મોજે ઈડર ભોઈવાડા વેરાઈમાતા મંદિર સામે પાણીના નળ પાસે આ કામના આરોપી નં. (૧) નાઓએ ફરીયાદીબેનને તુ મને ગમે છે મારે તારી સાથે પ્રેમ કરવો છે તુ મને કેમ બોલતી નથી તેમ કહી ફરીયાદીના છાતીના ભાગે અડપલા કરી ફરીયાદીએ ધકકો મારતા આરોપી નં.(૧) નો પડી જતા તેને ઈજા થતાં આરોપી નં.(૧) નું ઉપરાળું લઈ આરોપી નં.(૨) તથા (૩) નાઓ દોડી આવી ફરીયાદીને શરીર ગડદાપાટુનો માર મારી મા–બેન સામી ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી,ઈ.પી.કો. કલમ–૩૫૪(ક),૩૨૩ ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)..** ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

(૭).. ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા ફરીયાદપક્ષ તરફે કાયદાના નીચે મુજબના પ્રાવધાનો પુરવાર કરવા જરૂરી છે.

**<u>કલમ ૩૫૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે :-</u>**

- કોઈ સ્ત્રી ઉપર હુમલો કે ગુનાહીત બળનો પ્રયોગ થયેલ હોવો જોઈએ.
- આરોપીએ આવો હુમલો કે ગુનાહીત બળ પ્રયોગ કરેલો હોવો જોઈએ.
- આમ કરીને આરોપી તેણીનુ માન ભંગ કરવા માંગતો હોય અથવા આરોપી જાણતો હોય કે આમ કરવાથી તેણીની માનહાની થશે, શીલ ભંગ થશે.

<u>**કલમ ૩૨૩** અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે :-</u>

- શું આરોપીએ સ્વેચ્છાએ તેના કૃત્ય દ્વારા વ્યથા પહોચાડેલી છે ?
- શું આરોપીએ આવી વ્યથા ઈરાદાપૂર્વક કે ઈજા થશે તેવી જાણકારી સાથે પહોચાડેલ છે ?

<u>**કલમ ૫૦૪** અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે :-</u>

- આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ,
- તમે કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,
- આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

સદર મુદ્દાઓની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લીધી.

(૭.૧).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૩૯ થી સાહેદ રજીકાંતભાઇ તુલશીદાસ ભોઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ કામના ફરીયાદી પ્રિયંકાબેન વિષ્ણુભાઇ ભોઇને ઓળખે છે. બનાવની આજથી આશરે પાંચેક વર્ષ અગાઉ બનેલો. કઇ તારીખે બનેલો તે હાલમાં યાદ નથી. બનાવ સાડા છથી પોણા સાતની આસપાસ વેરાઇ માતાના મંદિર પાસે આવેલ નળ પાસે બનેલ હતો. અનીલભાઇ જયંતિભાઇ લફડા કરતો હતો તેવુ

જાણેલ. કોની સાથે તેણે શું કહેલુ તેની મને ખબર નથી. પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. સદર સાહેદને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરતાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ગઇ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે તેઓ રાણી તળાવ ઇડર ખાતે હતા અને સાંજે ઘરે આવતા તેઓને જાણવા મળેલ હતુ કે, મારા નાનાભાઇ વિષ્ણુભાઇની વહુ પ્રિયંકાબેન પાણીના નળ આગળ ઉભેલા હતા, તે વખતે અનીલભાઇએ તેમની પાસે જઇને બોલાચાલી કરી તેમની છાતીના ભાગે અડપલા કરી તથા દિલીપભાઇ અને જયંતિભાઇ ધકકા મુકકી કરી બોલાચાલી કરી ગડદાપાટુનો માર મારેલ તેમજ આરતીબેન ને પણ ધકકા મુકી કરેલ અને ત્યારબાદ પ્રિયંકાબેન અને આરતીબેનને સારવાર સારૂ ઇડર સીવીલમાં લઇ ગયેલા હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસ તેઓના ઘરે જવાબ લેવા આવેલ ત્યારે તેઓના જવાબમાં શું લખેલ તેની તેમને ખબર નથી.

**(૭.૨)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૩૬ થી ''ઇજાપામનાર ભોગબનનાર''ને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ ગઇ તા. ૧૯/૧૨/૨૦૨૦ ના રોજ બનેલો. બનાવ સાંજના છ થી સાતના ગાળામાં વેરાઇમાતાના મંદિર પાસે પાણીનુ ટાંકો આવેલ છે તે જગ્યાએ બનેલ. દિવ્યા તેઓની દિકરી થાય છે. તે સાયકલ લઇને આટો મારવા ગયેલી હોય તેઓ તેની રાહ જોઇને પાણીના નળ આગળ ઉભેલા હતા. તે વખતે અનિલ આવેલો અને તેમને કહલ કે, તુ મને ગમે છે મારે તારી સાથે પ્રેમ કરવો છે. તેમ કહી મારી છાતીના ભાગે અડપલા કરતા તેઓએ તેને ધકકો મારી નીચે પાડી દેતા અનિલને હાથે ઇજાઓ થતા તેનુ ઉપરાણુ લઇને તેના ભાઇ દિલીપભાઇ અને તેના પિતા જયંતિભાઇ આવી ગયેલા અને તેમને ગડદાપાટુનો માર મારી અને મા-બેન સામે ગાળો બોલવા લાગેલા. સદર ગાળો કોર્ટમાં બોલી શકાય નહી

તેવી હતી. તેઓ આ ગાળો લખીને આપી શકુ. તેમને તેઓએ લખેલ ગાળો જે તેઓના હસ્તાક્ષરમાં લખીને આપેલ છે અને જેની નીચે તેઓએ તેઓની સહી કરેલ છે જે કાગળ નામદાર કોર્ટમાં આજરોજ રજુ કરે છે. જેને દાખલ આંક-૩૭ આપવામાં આવે છે. તેમને કોઈ છોડાવા આવેલુ નહી. તેઓ સીધી પોલીસ સ્ટેશને ગયેલ અને તેમને અસલ ફરીયાદ બતાવતાં તેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક-૩૮ થી રજુ કરવામાં આવેલ છે. ફરીયાદ મોડી કરવાનું કારણ એ છે કે, તેઓને સૌપ્રથમ દવાખાને મોકલેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** રજનીભાઇ તુળસીભાઇ તેઓના જેઠા થાય છે. નરેન્દ્ર તેઓનો ભત્રીજો થાય છે અને કિરણ પણ તેઓનો ભત્રીજો થાય છે. તેમને એ વાતની ખબર નથી કે, આરોપીઓએ રજનીભાઇ, નરેન્દ્રભાઇ અને કિરણભાઇ ઉપર ફરીયાદ આપેલ છે. એ વાત ખરી છે કે, તેઓની ફરીયાદમાં ૨૦ દિવસ મોડી ફરીયાદ આપવા માટેનુ કારણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓ સીવીલમાં સારવાર લઇને ઘરે પાછી આવી ગયેલ. એ વાત ખરી છે કે, આંક-૩૭ વાળી ગાળો તેઓએ તેઓની ફરીયાદમાં લખાવેલ નથી. તેઓના પતિ તથા તેઓના જેઠ રજનીભાઇ ઉપર પાડોશીએ ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે, તેઓના જેઠ રજનીભાઇ ઉપર એક બેને એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે, જે દિવસે આક્ષેપીત બનાવ બન્યો તે દિવસે આરોપી પક્ષે તેઓના ઉપર ફરીયાદ આપેલી કે નહી, તે કેસમાં પોલીસે અટક કરી જામીન ઉપર મુકત કરેલ હતા. તેઓ તેમની સાથે જતા આવતા ન હતા. તે કેસમાં પોલીસ તપાસ કરવા તેઓના ઘરે આવતી કે ન આવતી તે તેમને ખર નથી. જામીન આપતી વખતે તેઓ તેઓના પતિ કે જેઠના સાથે કયાંય ગયેલ નહી. તેઓના જેઠવાળા કેસમાં તેઓ પોલીસ સ્ટેશન આવતા જતા ન હતા. એ વાત ખરી છે કે, તે વખતે તેઓ પેગ્નેટ હતા. એ વાત ખરી છે કે, તેએઓ કોઇ કપડાં જમા કરાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા મુખ્ય રસ્તો છે અને પબ્લીકની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, ત્યાં પાણીની ટાંકી લગાવેલ છે અને બઇરાઓ પાણી ભરવા માટે આવે જાય છે. એ વાત ખરી છે કે, રોજીદી ક્રિયા માટે ઘરની બહાર અવર

જવર કરે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ આજુબાજુ દુકાનો અને મંદિર છે તથા ચોક છે.

(૭.૩).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૪ થી પંચ સાહેદ કિરણભાઇ પુંજાભાઇ ભોઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ભોઈવાડામાં નગરપાલીકાનો પાણીનો ટાંકો છે તે જગ્યાએ પોલીસે પંચનામું કરેલ. ત્યાં વેરાઈમાતાનુ મંદિર છે, પાણીની પરબ છે, કરીયાણાની દુકાન છે, પાર્લર છે, ખુલ્લો ચોક છે, ત્યાથી ચારે બાજુ જવાય છે. જેમાં ઘાટી રોડ, કરબારોડ, રમદવાર રોડ, ખટીકવાસ તરફ જવાનો રોડ પણ આવેલ છે. પંચનામાં વખતે પ્રિયકાબેન તથા તેમના પતિ તથા પોલીસ વાળા હાજર હતા. પ્રિયકાબેનનુ ઘર પાણીના ટાંકાથી અડીને આવેલ છે. તારીખ યાદ નથી. સાહેદને પંચનામું બતાવતાં તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે, મને વાંચી બતાવેલ પંચનામા મુજબનુ પંચનામું મેં પોલીસને લખાવેલ અને પોલીસે લખી લીધેલ તેમજ પ્રિયંકાબેને વિષ્ણુભાઈ ભોઈએ અમોને ગુનાવાળી જગ્યા બતાવેલ તેનુ વિગતવારનુ ચતુરસીમાં આવેલ બાબતો સહીતનુ વિગતવારુનું પંચનામુ મેં પોલીસને લખાવેલ અને પોલીસે લખી લીધેલ. **તેમજ સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** સાંજના સાત વાગ્યાના સમયે પંચનામુ થયેલ. તારીખ યાદ નથી. એ વાત ખરી છે કે, મને વાંચીને બતાવેલ પંચનામાં " વિષ્ણુભાઈ હાજર હતા "તેવુ જણાવેલ નથી.

(૭.૪).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૫ થી સાહેદ મનીષકુમાર ઇશ્વરભાઇ ભોઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તારીખ તેમને યાદ નથી. આશરે ૩–૪ વર્ષ પહેલા સાંજના સાત વાગ્યાની આસપાસ પ્રિયંકાબેન ની છેડતી કરેલ એટલે પ્રિયંકાબેન બુમો બુમો પાડતા હતા. અનિલભાઈ સાથે ઝઘડો કરેલ. તેઓ રીક્ષા લઈને નીકળતો હતો તેઓએ જોયેલ. ગાળો કાઢતા હતા. ધકકા મુકકી મારા મારી ચાલુ હતી. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે,

તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં ''પ્રિયંકાબેનની છેડતી કરેલી, પ્રિયંકાબેન બુમો પાડતા હતા અને અનિલભાઇ સાથે ઝઘડો કરેલ'' ની હકીકત તેઓના પોલીસ રૂબરૂના જવાબમાં જણાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે, રજનીભાઇએ અનિલભાઇને મારેલ અને અનિલભાઇએ રજનીભાઇ વિરુધ્ધમાં ફરીયાદ આપેલ હતી કે નહી.

(૭.૫).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૬ થી સાહેદ આરતીબેન નરેન્દ્રભાઇ ભોઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,આ કામના ફરીયાદી પ્રિયંકાબેન તેઓના કાકી થાય છે.તેમના પતિનુ નામ વિષ્ણુભાઈ છે. પ્રિયકાબેન ભોઈવાડામાં રહે છે. તેમનુ ઘર તેઓના ઘરની જોડે જોડે જ છે. તારીખ તેમને યાદ નથી. આશરે પાંચ વર્ષ પહેલા સાંજના સાત વાગ્યે બનાવ બનેલ. તેઓ તેઓના ઘરે હતા. ઝગડો થતો હતો તેઓ પ્રિયંકાબેનની બુમાબુમ થતા ત્યાં ગયેલ અનિલભાઈ છેડતી કરતા હતા. લાતો અને એવુ બધુ પ્રિયકાબેનને મારતા હતા તેઓ ત્રણ જણા હતા. અનિલભાઇ, દિલીપભાઈ અને જયંતિભાઈ હતા. તેઓ પ્રિયંકાબેનને સીવીલમાં લઈ ગયેલા. પાણીની ચકલી નગરપાલીકાની છે તેની આગળ બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** રજનીભાઈ તેઓના સસરા થાય છે. એ વાતની મને ખબર નથી કે, અનિલભાઈએ તેઓના સસરા તથા બીજા કુટુંબીઓ સામે ફરીયાદ આપેલ છે કે નહી. તેમને તેઓનુ પોલીસ રૂબરૂ વંચાવી બતાવમાં આવે છે તે જોઈને જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં અવુ લખાવેલ નથી કે, ઝઘડો થતો હતો, અનિલભાઈ છેડતી કરતા હતા. લાતો અને એવુ બધુ પ્રિયકાબેનને મારતા હતા., અનિલભાઈ હાજર હતા. સાહેદ જણાવે છે કે, તેઓએ લખાવેલ પણ પોલીસે લખેલ નહી.

(૭.૬).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૭ થી સાહેદ શિલ્પાબેન વિજયકુમાર ભોઇને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, આ કામના

ફરીયાદી પ્રિયંકાબેન તેઓના સમાજના હોય, તેઓ તેઓને ઓળખે છે. તેમના પતિનુ નામ વિષ્ણુભાઈ છે. પ્રિયકાબેન ભોઈવાડામાં રહે છે. તેઓ આ કામના તમામ આરોપીઓને જોયેથી ઓળખે છે. તેઓ તેઓના ભોઈવાડાના છે. પ્રિયંકાબેન સાથે જે બનાવ બનેલો તે કઈ તારીખે બનેલો તેની તારીખ તેમને યાદ નથી. જે બનાવને આશરે પાંચેક વર્ષ થયા હશે. બનાવ સાંજના છ–સાત વાગ્યાના સુમારે નળ આગળ બનેલો. તેઓ દુધની દુકાને દુધ લેવા માટે ઉભેલી હતી બુમાબુમ સાંભળેલી. તેઓ ત્યાં જોવા માટે ગયેલી. અનિલભાઈએ પ્રિયંકાબેનની છાતી ઉપર હાથ નાખેલો. જેથી પ્રિયંકાબેને તેમને ધકકો મારતા તે પડી ગયેલા. તે વખતે જયંતિભાઈ અને દિલીપભાઈ આવી ગયેલા અને તેમણે ગડદાપાટુ મારવાનુ ચાલુ કરેલુ ત્યારબાદ આરતીબેન આવીને પ્રિયંકાબેનને લઈ ગયેલા. આ બનાવ તેઓએ નજરો નજર જોયેલો. આ બાબતે પ્રિયંકાબેને ફરીયાદી આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી નથી કે, પ્રિયંકાબેનના કુટુંબમાં મારા લગ્ન થયેલા છે. સાહેદ જણાવે છે કે, તેઓ દુરના થાય એટલા બધા નજીકના થાય નહી. કઈ તારીખે પોલીસે તેઓનો જવાબ લીધેલો તે તેમને ખબર નથી. પોલીસે તેઓનો જવાબ જયાં ઝઘડો થયેલો હતો ત્યાં લીધેલો. એ દિવસે જવાબ લીધેલ કે પછી લીધેલ તે તેમને યાદ નથી. જયંતિભાઈ ચાલી શકે છે. તેઓને ઘોડી લઈને ચાલી શકે છે કે નહી તેની તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે, તેઓ બીજા નાકે રહે છે. તેમને એ વાતની ખબર નથી કે, દિલીપભાઈને પ્રિયંકાબેનના પતિ અને પ્રિયંકા બેનના જેઠ અને જેઠના દિકરાએ માર મારેલ તે બાબતે ફરીયાદ થયેલ અને તે કેસ ચાલે છે. તેમને એ વાતની ખબર નથી કે, આરોપીઓએ દિલીપભાઈને હાથ પર ફ્રેકચર કરેલ કે નહી.

**(૭.૭)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૫૭ થી ર્ડા. સાહેદ મનીષ મોઘજીભાઈ ચૌધરીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૧૯/૧૨/૨૦૨૦ ના રોજ તેઓ જનરલ હોસ્પીટલ ઈડર ખાતે મેડીકલ

ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા,ત્યારે દર્દીન નામે પ્રિયંકાબેન વિષ્ણુભાઇ ભોઇ, ઉ.વ.૩૯ રહે.ઇડર વાળાને સોનલબેન ભોઇ તેમના સંબંધી રાત્રીના ૮:૧૫ વાગ્યે પોલીસ યાદી વગર તેઓની સમક્ષ સારવારમાં લાવેલા. તેઓએ ઈજા અંગેનો ઈતિહાસ જણાવેલ કે, ત્રણ લોકો દવારા ગડદાપાટુ અને લાફાનો માર મારેલ. તેઓને તેઓએ તપાસતા પીઠના પાછળના ભાગે અડકતા દુ:ખાવાની ફરીયાદ હતી. તેઓને તેઓએ બહારના દર્દી તરીકે તપાસી ૮:૩૫ વાગ્યે તેજ દિવસે રજા આપી દીધેલી. તેઓના અભિપ્રાય મુજબ ઉપરોકત ઈજાઓ સખ્ખત અને બોથર્ડ પ્રદાર્થથી થઇ શકે તેવી હતી અને જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો પાંચથી સાત દિવસમાં મટી શકે તેવી હતી. સદર ઈજાઓ એક દિવસ જુની હતી. આ બાબતનુ તેઓએ સર્ટીફીકેટ આપેલ. જે તેઓના હસ્તાક્ષરમાં છે જેમાં તેઓની સહી અને સીકકો છે. જે અસલ સટીફીકેટ રજુ દાખલ આંક–૫૮ આપવામાં આવે છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, તેઓએ જે સટીફીકેટમાં જે ઈજાઓ જણાવેલ છે તે અકસ્માત સિવાય પણ અન્ય રીતે થઇ શકે છે.

**(૭.૮)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૫૯ થી ત.ક.અ. હિરણસિંહ જગતસિંહ રહેવરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તા.૧૧/૧/૨૧ ના રોજ તેઓ ઇડર પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઇડર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૦/૨૧ ના કામની તપાસ તેમને ડેપ્યુટ હુકમ સાથે સુપ્રત થતા તે તેઓએ સંભાળી લીધેલી. તપાસ સંભાળ્યા બાદ સૌપ્રથમ તેઓએ આ કામની ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. સદર જગ્યા ઇડર ભોઇવાડામાં વેરાઇમાતાના મંદિર સામે આવેલ પાણીના નળ આગળ આવેલ હોય સદર જગ્યા આ કામના ફરીયાદી પ્રિયકાબેન વિષ્ણુભાઈ ભોઇ બતાવતા હોય પંચોની હાજરીમાં જોઈ તપાસી આ બાબતનુ વિગતવારનુ પંચનામુ કરેલ. ત્યારબાદ આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. જેમાં તેઓએ રજનિકાંત તુલસીદાસ ભોઇનાઓનુ નિવેદન લીધેલ. તેણે તેઓની રૂબરૂના નિવેદનમાં એવી હકિકત લખાવેલ છે કે, ‘ગઈ

તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે અમો રાણીતળાવ ઈડર ખાતે હતા અને સાંજે ઘરે આવતા અમોને જાણવા મળેલ હતુ કે, મારા નાનાભાઈ વિષ્ણુભાઈની વહુ પ્રિયંકાબેન પાણીના નળ આગળ ઉભેલા હતા તેવખતે અનીલભાઈએ તેમની પાસ જઈને બોલાચાલી કરી તેમની છાતીના ભાગે અડપલા કરી તથા દીલીપભાઈ અને જયંતીભાઈ ધકકા મુકી કરી બોલાચાલી કરી ગડદાપાટુનો માર મારેલ તેમજ આરતીબેનને પણ ધકકા મુકી કરેલ અને ત્યારબાદ પ્રિયંકાબેન અને આરતીબેનને સારવાર સારુ ઈડર સીવીલમાં લઈ ગયેલા.' ત્યારબાદ આ કામે તેઓએ સારવારનુ સટીફીકેટ પ્રિયંકાબેનનુ મેળવી કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ સમગ્ર પુરાવાનો અભ્યાસ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો હોય તેઓની તા.૧૬/૦૧/૨૦૨૧ ના રોજ અટક કરી જામીન ઉપર મુકત કરેલ અને તા.૩૧/૧/૨૦૨૦ ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપસામાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, આ કામના સાક્ષીઓ ઉપર ફોજદારી કેસ નં.૨૭૧ /૨૦૨૧ થી ફરીયાદ દાખલ થયેલી જે હાલ કોર્ટમાં ચાલુ છે. એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ તા.૧૧/૧/૨૦૨૧ ના રોજ આપેલ છે જયારે બનાવ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજનો છે. એ વાત ખરી છે કે, બાહય તપાસમાં પ્રિયંકાબેનને કોઈ ઈજાઓ હોય તેવુ ધ્યાનમાં આવેલ નહી. એ વાત ખરી છે કે, આ કામે ભોગબનનારે કોઈ કપડાં તેઓની રૂબરૂ રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના સાક્ષીઓ ફરીયાદીના સગાસબંધી છે. એ વાતની મને ખબર નથી કે, આ કામના આરોપી અનિલભાઈને પગમાં અને હાથમાં ઈજા હતી. એ વાત ખરી છે કે, આ કામના આરોપી પુત્ર અને પિતા થાય છે.

## :: પુરાવાનુ મુલ્યાંકન ::

(૮).. આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા હાલના કેસમાં આક્ષેપીત ગુન્હા એટલે કે, ઇ.પી.કો.કલમ–૩૫૪–એ વિશે નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ઉચ્ચ ન્યાયાલય ધ્વારા પ્રતિપાદીત સિધ્ધાંતો વિષયના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બને છે.

***Mrs. Rupan Deol Bajaj & Anr vs Kanwar Pal Singh Gill & Anr on 13 October, 1995 (AIR 1996 SC 309)*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

*"Since the word `modesty' has not been defined in the Indian Penal Code we may profitably look into its dictionary meaning. According to Shorter Oxford English Dictionary (Third Edition) modesty is the quality of being modest and in relation to woman means "womanly propriety of behaviour; scrupulous chastity of thought, speech and conduct". The word `modest' in relation to woman is defined in the above dictionary as "decorous in manner and conduct; not forward or lewd; shamefast". Webster's Third New International Dictionary of the English language defines modesty as "freedom from coarseness, indelicacy or indecency; a regard for propriety in dress, speech or conduct". In the Oxford English Dictionary (1933 Ed) the meaning of the word `modesty' is given as "womanly propriety of behaviour; scrupulous chastity of thought, speech and conduct (in man or woman); reserve or sense of shame proceeding from instinctive aversion to impure or coarse suggestions".*

*In State of Punjab vs. Major Singh (AIR 1967 Sc 63) a question arose whether a female child of seven and a half months could be said to be possessed of `modesty' which could be outraged. In answering the above question Mudholkar J., who along with Bachawat J. spoke for the majority, held that when any act done to or in the presence of a woman is clearly suggestive of sex according to the common notions of mankind that must fall within the mischief of Section 354 IPC. Needless to say, the `common notions of mankind' referred to by the learned Judge have to be gauged by contemporary societal standards. The other learned Judge (Bachawat J.) observed that the essence of a woman's modesty is her sex and from her very birth she possesses the modesty which is the attribute of her sex. From the above dictionary meaning of `modesty' and the interpretation given to that word by this Court in Major Singh's case (supra) it appears to us that the ultimate test for ascertaining whether modesty has been outraged is, is the action of the offender such as could be perceived as one which is capable of shocking the sense of decency of a woman. When the above test is applied in the present case, keeping in view the total fact situation, it cannot but be held that the alleged act of Mr. Gill in slapping Mrs. Bajaj on her posterior amounted to `outraging of her modesty' for it was not only an affront to the*

*normal sense of feminine decency but also an affront to the dignity of the lady - "sexual overtones"or not, notwithstanding."*

ઉપરોકત ચુકાદા મા સુપ્રિમ કોર્ટ ધ્વારા સદરહુ કેસમાં ફરીયાદીને ફકત શરીરના પાછળના ભાગે ટપલી મારવાને પણ ૩૫૪ હેઠળનો ગુનો બનતો હોવાની હકીકત જણાવેલ છે. ઉપરોકત મીસીસ રૂપન દેઓલ બજાજના ચુકાદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ આવા પ્રકારના ગુનામાં સ્ત્રીના ચારીત્યને તથા સામાજીક પ્રતિષ્ઠાને અસર થવાની સંભાવના રહેલ હોય ત્યારે આવા પ્રકારનો ગુનો બને ત્યારે સામાન્ય રીતે કોઈપણ સ્ત્રી ફરીયાદ કરતા પહેલા ચોકકસ વિચાર કરવા માટે સમયે અને તેઓના કુટુંબના સભ્યોને કોન્ફીડન્સમાં લેવાનો પ્રયત્ન કરે તે સ્પષ્ટ છે.

વધુમાં **ઓમ પ્રકાશ વિ. સ્ટેટ ઓફ યુ.પી. કે જે એ.આઈ.આર. ૨૦૦૬ એસ.સી. ૨૨૧૪** માં પ્રસિધ્ધ થયેલ છે ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો એવુ ઠરાવેલ છે કે,

*"A prosecutrix of a sex-offence cannot be put on par with an accomplice. She is in fact a victim of the crime. The Evidence Act nowhere says that her evidence cannot be accepted unless it is corroborated in material particulars. She is undoubtedly a competent witness under Section 118 and her evidence must receive the same weight as is attached to an injured in cases of physical violence. The same degree of care and caution must attach in the evaluation of her evidence as in the case of an injured complainant or witness and no more. What is necessary is that the Court must be conscious of the fact that it is dealing with the evidence of a person who is interested in the outcome of the charge levelled by her. If the Court keeps this in mind and feels satisfied that it can act on the evidence of the prosecutrix. There is no rule of law or practice incorporated in the Indian Evidence Act, 1872 (in short 'Evidence Act') similar to illustration (b) to Section 114 which requires it to look for corroboration. If for some reason the Court is hesitant to place implicit reliance on the testimony of the prosecutrix it may look for evidence which may lend assurance to her testimony short of corroboration required in the case of an accomplice.The nature of evidence required to lend assurance to the testimony of the prosecutrix must necessarily depend on the facts and circumstances of each case. But if a prosecutrix is an adult and of full understanding the Court is entitled to base a conviction*

*on her evidence unless the same is own to be infirm and not trustworthy. If the totality of the circumstances appearing on the record of the case discloses that the prosecutrix does not have a strong motive to falsely involve the person charged, the Court should ordinarily have no hesitation in accepting her evidence. This position was highlighted in State of Maharashtra v. Chandraprakash Kewalchand Jain (1990 (1) SCC 550)."*

વધુમાં ફરીયાદ પક્ષે નામદાર સર્વોચ્ચ અદાલતે **મહોમદ ઈમરાનખાન વિ. સ્ટેટ ઓફ એન.સી.ટી.દીલ્હી ૨૦૧૧(૧૦) એ.સી.એ.૧૯૨** માં પ્રસિધ્ધ રાખેલ ચુકાદામાં પ્રદિપાદિત કરેલ સિધ્ધાંતો પર આધાર રાખેલ છે અને તેમા એવુ ઠરાવેલ છે કે,

*"15. It is a trite law that a woman, who is the victim of sexual assault, is not an accomplice to the crime but is a viction of another person's lust, The prosecutrix stands at a higher pedestal than an injured witness as she suffers form emotional injury, Theree fore, her evidence need not be tested with the same amount of suspicion as that of an accomplice, The Indian Evidence Act, 1872 (here in after called 'Evidence Act") nowhere says that her evidence can not be accepted unless it is corroborated in material particulars, She is undoubtedly a competent witness under Section 118 of Evidence Act and her evidence must receive the same weight as is attached to an injured in cases of physical violence, The same degree of care and caution must attach in the evaluation of her evidence as in the case of an injured complainant or witness and no more, If the court keeps this in mind and feels satisfied that it can act on the evidence of the prosecutrix, there is no rule of law or practice incorporated in the Evidence Act similar ti illustration (b) to Section 114 which requires it to look for corroboration. If for some reason the court is hesitant to place implicit reliance on the testimony of the prosecutrix it may look for evidence which may lead assurance to her testimony short of corroboration required in the case of an accomplice, If the totality of the circumstances appearing on the record of the case disclose that the prosecutrix does not have a strong motive to falsely involve the person charged, the court should ordinarily have no hesitation in accepting her evidence, The court must be alive to its responsibility and be sensitive while dealing with cases involving sexual molestation, Rape is not merely a physical assault, rather it often distracts the whole personality of the victim. The rapest degrades the very soul of the helpless female and, therefore, the testimony of the prosecutrix must be appreciated in the background of the entire case and in such*

*cases, non-examination even of other witnesses may not be a serious infirmity in the background of the entire case and in such cases, non examination even of other witnesses may not be a serious infirmity in the prosecution case, particularly where the witnesses had not seen the commission of the offence, (Vide; State of Maharashtra v. chandraprwkash Kewalchand Jain, AIR 1990 SC 658' State of U.P. V. Pappu and Anr, AIR 2005 SC 1348; Thus, the law that emerges on the issue in to the effect that statement of prosecutrix if found to be worthy of credence and reliable, requires no corroboration. The court may convict the accused on the sole testimony of the prosecutrix.."*

ઉપરોકત ચુકાદાઓનો નામદાર સર્વોચ્ચ અદાલતને પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા જાતીય સતામણીના ગુનાઓના ફરીયાદી કે જે ભોગ બનનાર છે તેના પુરાવાના અન્ય સહાયક પુરાવા વગર ધ્યાને લઈ શકાય નહી તેવો કોઈ પુરાવાના કાયદાનો નિયમ નથી, જાતીય સતામણીના કેસમાં પુરાવાઓનુ મૂલ્યાંકન કરતી વખતે કોર્ટે ઈજા પામનાર સાહેદની જુબાની જેટલી જ અને તેનાથી વધુ અને વિશેષ કાળજી ધ્યાને રાખવાની હોય છે જે સિધ્ધાંતો હાલના કેસના સંદર્ભે ઉપર ચર્ચા કરી તે મુજબ ફક્ત ભોગ બનનારની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ હોય તો તેવા સંજોગોમાં બાકીના સાહેદો કે જેમણે બનાવ નજરે જોયેલ નથી તેઓને તપાસવાની પણ જરૂર રહેતી નથી અને ફરીયાદીને આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરી તેઓને ખોટી રીતે હેરાન કરવાનું કે ખોટો કેસ કરવાનું જો કોઈ ચોકકસ કારણ રેકર્ડ ઉપર આરોપી લાવી શકે નહી તો તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની ન માનવાનુ કોઈ કારણ રહેતુ નથી અને તેવા સંજોગોમાં આવા પ્રકારના ગુનામાં ફકત ભોગ બનનાર/ ફરીયાદી સ્ત્રીની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય.

(૯).. આ કામે સાહેદ રજીકાંતભાઈ તુલશીદાસ ભોઈનાઓને તપાસવામાં આવેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ સૌપ્રથમ સરતપાસના ભાગે તેઓ ફરીયાદપક્ષની હકીકતોનુ પુરતુ સમર્થન કરતાં ન હોય, તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરી તેઓની વિગતવારની

ઉલટતપાસ કરતાં તેઓ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે, પરંતુ સદર સાહેદે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં પોતાના પુરાવાથી વિરુધ્ધની હકીકત કબુલ કરેલ હોય તેમના પુરાવામાં વિરધાભાસ ઉત્પન્ન થાય છે. જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૦)..** વધુમાં, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતાં, ઈજાપામનાર ફરીયાદી ''ભોગબનનાર''ના જણાવ્યા અનુસાર તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ બનાવ બનેલો. જયારે ફરીયાદ તા.૧૧/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ એટલે ફરીયાદ ૨૦ દિવસ જેટલા સમયના વિલંબ બાદ કરવામાં આવેલ. વધુમાં, ફરીયાદી જણાવે છે કે, <u>ફરીયાદ મોડી કરવાનુ કારણ એ છે કે, તેઓને સૌપ્રથમ દવાખાને મોકલેલ હોવાનુ જણાવેલ છે</u> પરંતુ આંક-૩૭ વાળા ડૉ.મનીષ મોઘજીભાઇ ચૌધરીનો પુરાવો ધ્યાને લેતાં, <u>ફરીયાદીને તેઓએ બહારના દર્દી તરીકે તપાસી ૮:૩૫ વાગ્યે તે જ દિવસે રજા આપી દીધેલી</u>. આમ, ફરીયાદી ફરીયાદ મોડી આપવા માટે જે કારણ દર્શાવેલ છે તે કારણ માની શકાય તેમ નથી અને ફરીયાદીની ફરીયાદ શંકાસ્પદ જણાઇ આવે છે.

**(૧૦.૧)..** વધુમાં, ફરીયાદીએ તેઓની ફરીયાદમાં જણાવેલ છે કે, તેઓના પતિ વિષ્ણુભાઇ તથા જેઠ રજનીભાઇ તથા ભત્રીજા નરેન્દ્ર તથા કિરણ વિરુધ્ધમાં ઇડર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવેલ હોવાનું તેઓને જાણવા મળતા તેઓએ આ બાબતે સમાધાન કરવાના પણ સમાજ રાહે પ્રયત્ન કરેલ હતા પરંતુ સમાધાન ન થતા અને ફરીયાદ આપવાનુ નકકી થતાં તેઓએ હાલની ફરીયાદ આપેલ છે. આમ, આ કામના આરોપીઓએ ફરીયાદીના પતિ અને તેઓના જેઠ તથા ભત્રીજા સામે ફરીયાદ આપેલી પછીથી તેઓએ હાલની ફરીયાદ આપેલ છે. તેથી પણ ફરીયાદની વિશ્વસનીયતા અંગે શંકા ઉદભવે છે તેમજ આ કામે ફરીયાદી સાથે જે જગ્યા ઉપર બનાવ બનેલ તેની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ હોવાનુ રેકર્ડ પરના પુરાવા પરથી જણાઇ આવે છે પરંતુ સદરહું રહેણાંક વિસ્તારમાં રહેતા

સ્વતંત્ર સાહેદો/ઇસમોના કોઇ નિવેદનો લેવામાં આવેલ હોય રેકર્ડ ઉપર જણાઇ આવતુ નથી અને ફકતને ફકત તેઓના કુટુંબના સભ્યોના નિવેદનો લેવામાં આવેલ છે. જેથી સ્વભાવિક રીતે જ ફરીયાદીને સમર્થનકારી પુરાવો આપે તે નકારી શકાય તેમ નથી. તેમજ ફરીયાદીની ફરીયાદ તથા ઉલટતપાસ ની હકીકતો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ ધ્વારા પણ ફરીયાદીના પતિ, જેઠ અને કુટુંબવાળાઓ ઉપર ફરીયાદ કરેલ છે અને તે ફરીયાદમાં આરોપીઓ સાથે સમાજ રાહે સમાધાન ન થતાં ત્યારબાદ ફરીયાદીએ હાલની સદર કામની ફરીયાદ આપેલ હોવાનુ રેકર્ડ ઉપર જણાઇ આવે છે.

**(૧૦.૨)..** વધુમાં, ભોગબનનારે કોઇ કપડાં પોલીસ રૂબરૂ રજુ કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાઇ આવતુ નથી તેમજ સદર કામના ભોગબનનારને ઈજા થયેલ તે બાબતે તેઓ હોસ્પીટલ ગયેલ હોવાનુ જણાવેલ પરંતુ ભોગબનનાર તેઓની સારવાર માટે મેડીકલ ઓફીસર સમક્ષ પોલીસ યાદી વગર ગયેલ હોવાનુ રેકર્ડ ઉપર જણાઇ આવે છે તેમજ આંક-૫૮ વાળુ સારવાર સર્ટીફીકેટ તથા ભોગબનનારે ર્ડાકટર સાહેદને તેઓની ઈજા અંગેનો ઇતિહાસમાં જણાવેલ છે કે,ત્રણ લોકો ધ્વારા ગડદાપાટુ અને લાફાનો માર મારેલ હોવાનુ જણાવેલ છે પરંતુ સદર કામના આરોપીઓના નામ જણાવેલ નથી અને ર્ડાકટર સાહેદ સમક્ષ ભોગબનનારે આરોપી ધ્વારા તેમના છાતીના ભાગે જે અડપલા કરવામાં આવેલ તે અંગેની કોઇ હકીકત તેઓની હિસ્ટ્રીમાં કે સારવાર સર્ટીફીકેટમાં પણ જણાવેલ નથી અને ફરીયાદીના શરીરે કોઈ પણ બાહય ઈજા જણાઇ આવેલ નથી. વધુમાં, સદર ફરીયાદી તેઓના પુરાવામાં જણાવેલ છે કે, તેમને કોઈ છોડાવા આવેલ નહી પરંતુ સાહેદ આરતીબેનના પોલીસ રૂબરૂના નિવેદન જોતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ પ્રિયંકાબેનને ગડદાપાટુનો માર મારતાં હોય તેઓને બચાવવા સારૂ તેઓની સાથે આરોપીઓએ બોલાચાલી કરી ધકકા મુકકી કરેલી હોવાનુ જણાવેલ છે. તેથી ખરેખર આવો બનાવ બનેલ તે અંગે શંકા ઉપજે છે અને ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બની જાય છે.

**(૧૧)..** વધુમાં, આ કામે પંચ સાહેદ કિરણભાઇ પુંજાભાઇ ભોઇનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ ગુન્હાવાળી જગ્યાના પંચ

સાહેદ છે. સદર પંચ સાહેદનો પંચનામાંની હકીકતોને સમર્થન કરે એવો કોઇ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૨)..** આ કામે સાહેદ મનીષકુમાર ઈશ્વરભાઇ ભોઈનાઓને તપાસવામાં આવેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ તેઓના પુરાવામાં ફરીયાદ અનુરૂપ પુરાવો આપેલ છે પરંતુ સદર સાહેદે તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં સદર કામના આરોપીઓએ ભોગબનનારની છેડતી કરેલી હોય કે ભોગબનનાર બુમો પાડતા હતા અને અનિલભાઇ સાજે ઝઘડો કરેલ ની હકીકત તેઓના પોલીસ રૂબરૂના જવાબમાં જણાવેલ નથી. જેથી સદર સાહેદે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતો કરતાં વધુ હકીકતો પોતાની સરતપાસમાં અને ઉલટતપાસમાં જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં પણ સુસંગત હકીકતો લગતે કોઇ હકીકત ફરીયાદ પક્ષના કેસને મદદ કરે તેવુ જણાવેલ નથી. જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૩)..** આ કામે સાહેદ આરતીબેન નરેન્દ્રભાઇ ભોઈનાઓને તપાસવામાં આવેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ તેઓના પુરાવામાં ફરીયાદ અનુરૂપ પુરાવો આપેલ છે તેમજ સદર સાહેદ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે કે, ભોગબનનારને બચાવવા સારૂ તેઓની સાથે આરોપીઓએ બોલચાલી કરી ધકકામુકકી કરેલ હતી અને તેઓની સારવાર કરાવેલ હતી. પરંતુ સદર કામના સાહેદે તેઓની સરતપાસમા કે ઉલટતપાસમાં આવી કોઇ હકીકત જણાવેલ નથી અને તેઓની ઈજા અંગે કોઇ સારવાર સર્ટીફીકેટ પણ રજુ કરેલ નથી તેમજ સદર સાહેદે તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં સદર કામના આરોપીઓએ ભોગબનનારની છેડતી કરેલાની હકીકત તેઓના પોલીસ રૂબરૂના જવાબમાં જણાવેલ નથી. જેથી સદર સાહેદે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતો કરતાં વધુ હકીકતો પોતાની સરતપાસમાં જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં પણ સુસંગત હકીકતો લગતે કોઇ હકીકત ફરીયાદ પક્ષના કેસને મદદ કરે તેવુ જણાવેલ નથી. તેમજ સદર સાહેદના પતિ

નરેન્દ્રભાઈ સામે આ કામના આરોપીઓએ કેસ કરેલ છે અને આ સિવાય તેઓએ એવી હકીકત પણ જણાવે છે કે, ભોગબનનાર તેઓના કાકી થાય છે. આ તમામ હકીકતો આ સાહેદના પુરાવાથી તટસ્થા ઉપર શંકા ઉપજાવે છે. જેથી સદરહું સાહેદનો પુરાવો શંકાના દાયરામાં આવી જતો હોય તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૪)..** આ કામે સાહેદ શિલ્પાબેન વિજયકુમાર ભોઈનાઓને તપાસવામાં આવેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં, સદર સાહેદ તેઓના પુરાવામાં ફરીયાદ અનુરૂપ પુરાવો આપેલ છે પરંતુ જેઓ ફરીયાદીના એક સમાજના અને કુટુંબી સગા થાય છે. જેથી સ્વભાવિક રીતે જ ફરીયાદીને સમર્થનકારી પુરાવો આપે તે નકારી શકાય તેમ નથી. જેથી આ સાહેદના પુરાવાથી તટસ્થા ઉપર શંકા ઉપજાવે છે. જેથી સદરહું સાહેદનો પુરાવો શંકાના દાયરામાં આવી જતો હોય તેના ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૫)..** આ કામે સાહેદ ર્ડા. મનીષ મોઘજીભાઇ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં, તેઓએ સદર ઈજાપામનાર ફરીયાદીની સારવાર કરેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ આંક–પ૮ થી ઇશ્યુ કરેલ મેડીકલ સર્ટીફીકેટમાં જણાવેલ ઈજા બાબતની હકીકત જણાવેલ છે. પરંતુ હાલના સાહેદ ધ્વારા જણાવેલ ઈજા આ કામના આરોપીઓ જ પહોચાડેલ છે કે કેમ, તે હકીકતને ફરીયાદીના તથા અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ હોય તેમ જણાઈ આવતુ નથી. જે બાબત ધ્યાને લેવામાં આવે છે. વધુમાં, સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, જે ઈજાઓ જણાવેલ છે તે અકસ્માત સિવાય પણ અન્ય રીતે થઇ શકતી હોવાનુ જણાવેલ છે.

**(૧૬)..** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ.હિરણસિંહ જગતસિંહ રહેવરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો,આ કામના તપાસ કરનાર અમલદારે તેમની તપાસને સમર્થનકારક પુરાવો આપેલ છે.તે જોતા ત.ક. અમલદારના પુરાવા પરથી પણ આ કામના આરોપીઓએ તેઓની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર થતું નથી.વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ

જણાઈ આવતો હોય તથા ફરીયાદીને આરોપી ધ્વારા ફરીયાદીને છેડતી કરેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાઇ આવતુ નથી. વધુમાં, ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ કામના સાક્ષીઓ ઉપર ફોજદારી કેસ નં.૨૭૧/૨૧ થી ફરીયાદ દાખલ થયેલી જે કોર્ટમાં ચાલુ છે તેમજ આ કામના ફરીયાદ તા.૧૧/૧/૨૧ ના રોજ આપેલ છે જયારે બનાવ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજનો છે અને ફરીયાદ મોડી કરવા બાબતે કોઇ વ્યાજબી કારણ જણાવેલ નથી તેમજ ફરીયાદીના પતિ તથા તેઓના કુટુંબના માણસો ઉપર હાલના આરોપીઓએ ફરીયાદ કરેલ હોવાનુ જણાઇ આવે છે. વધુમાં, ફરીયાદ પક્ષના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સ્પષ્ટપણે સમર્થન મળતુ ન હોઈ તથા ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર રહી પુરવાર થતો ન હોય,તપાસ કરનાર અધિકારી ધ્વારા જે પણ સાહેદોના નિવદનો લેવામાં આવેલ છે તે તમામ સાહેદો ફરીયાદપક્ષના હીત ધરાવતા સાહેદો છે.જેથી ફરીયાદપક્ષે જે પણ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હોય તે તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસના રસ ધરાવતાં સાહેદો હોવાનું પણ માની શકાય તેમ છે.ત્યારે તપાસ કરનાર અમલદારના મહંદઅંશે સમર્થનકારક પુરાવા ઉપર સંપુર્ણપણે આધાર રાખી આરોપીઓને તેઓની સામેના ગુનામાં સાંકળી શકાય તેમ નથી. વધુમાં, સદર કામે અત્રેની કોર્ટ ધ્વારા સાહેદ વિષ્ણુભાઇ તુલીસદાસ ભોઇનાઓને પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવેલ અને સદર પ્રોસેસ બજીને સાહેદનુ મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે અને આંક-૪૮ થી રજુ મરણપ્રમાણ જોતાં સદર સાહેદ મરણ ગયેલ હોવાનુ જણાઇ આવે છે. જેથી સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ નથી.

**(૧૭)..** આમ, ઉપરોકત ફરીયાદપક્ષનો પુરાવો તેની કરેલ ચર્ચા અને ઉપરોકત નામદાર વડી અદાલતનો ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ ફરીયાદી ભોગબનનાર પતિ તથા કુટુંબના માણસો ઉપર ફરીયાદ કરેલ હોય તે ફરીયાદથી બચવા સારૂ ફરીયાદીએ હાલની ફરીયાદ હોય તે હકીકત ફરીયાદપક્ષના પુરાવા ઉપર આવતી હોય, તેમાં તબીબ સાહેદનો પુરાવો વિગેરે તમામ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ત્હોમતનામું પુરવાર

થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ બની રહે અને આરોપીઓને સાંકળતો સબળ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં, જયાં સુધી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે આરોપીઓ વિરુધ્ધ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને સજા કરી શકાય નહી. નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ઉચ્ચ ન્યાયલય ધ્વારા ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, જયારે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરેલ ન હોય ત્યારે આવો શંકાનો લાભ આરોપીને મળે. વધુમાં, આરોપીઓએ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય ત્યારેજ આરોપીઓને ગુનેગાર ઠેરવી શકાય. જયારે હાલના કેસમાં ફરીયાદીએ ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ ગડદાપાટુનો માર મારી ઈજા પહોચાડેલ હોય તેવુ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે આરોપીઓએ તેમને કોઈ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. વધુમાં ડૉકટર સમક્ષ આરોપીઓએ કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલી નથી. તેથી ઈજા પહોચેલી હોય તેવુ પણ સાબિત થતુ ન હોય, ઈ.પી.કો. કલમ–૩૫૪ તથા ૩૨૩ મુજબના તત્વો આકર્શતા ન હોય, આરોપીઓને આ કલમ હેઠળ પણ તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૮)..** વધુમાં ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે અને સદર કામના આરોપીઓ ધ્વારા ફરીયાદી ભોગબનનારને ગાળો બોલેલ તે આંક–૩૭ થી ફરીયાદીએ પોતાના હાથથી લખીને રજુ કરવામાં આવેલ છે પરંતુ સદર કામના ફરીયાદીએ તેઓની પોલીસ રૂબરૂની ફરીયાદમાં આરોપીઓ ધ્વારા જે ગાળો બોલેલ તે પોતાની ફરીયાદમાં જણાવેલ નથી તેમજ આ તબકકે આ કામે આરોપીઓ સામે કલમ–૫૦૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય તે કયારે માની શકાય તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ચુકાદા **CRIMINAL APPEAL NO.** 141 **OF** 2015 **[Arising out of S.L.P. (Crl.) No.** 6449 **of** 2014**)MANIK TANEJA** & **ANR. vs. STATE OF KARNATKA** & **ANR. Decided Dt.**20**th January,** 2015 તથા નામદાર ગુજરાત વડી અદાલતના *'પ્રવિણભાઈ બેચરભાઈ*

***વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત" ૨૦૦૯(૧) જી.એલ.આર. પાન ન.૩૩૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં કલમ–૫૦૪ અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે તે ફરીયાદપક્ષ રેકર્ડ પર વાજબી રીતે પુરો પાડતા નથી.

**(૧૯)..** આમ, હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરીયાદ હકીકત મુજબનો ગુનો આ કામના આરોપીઓએ કરેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આ કામના આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીઓને સદર ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. વધુમાં,ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમાં બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી,ત્યારે ફરિયાદી એ તેમનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે.તેજ રીતે ફોજદારી કાર્યવાહીમાં માત્ર અનુમાન અને ધારણાના આધારે કોઇને તકસીરવાન ઠરાવી શકાય નહી આમ, સગમ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે ગુન્હાના કામે સાંકળતો કોઇ પુરાવો રજુ કરી શકેલ નથી.તેવા સંજોગોમાં તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, તમામ પુરાવાઓનુ વિશ્લેષણ કર્યા બાદ ફરિયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા હોય મુદ્ધા નં.૧ નો જવાબ નકારમા આપી અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧)નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપીઓ (૧) અનીલભાઇ જયંતિભાઇ ભોઇ, (૨) દિલીપભાઇ જયંતિભાઇ ભોઇ તથા (૩) જયંતિભાઇ કેશભાઇ ભોઇનાઓને

ઇ.પી.કો.કલમ–૩૫૪(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭–એ અન્વયે આ કામના આરોપી ઓએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે:જુલાઇ, સને:૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૦૮/૦૭/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//